જેલ ખાતાના આઈપીએસ અધિકારીઓના ખાનગી અહેવાલમાં સ્વીકૃતિ અધિકારી નક્કી કરવા બાબત

ગુજરાત સરકાર
ગૃહ વિભાગ,
પરિપત્ર ક્રમાંક : જલમ/૬૨૨૦૦૩/૩૪૫૭/જ
સચિવાલય, ગાંધીનગર.
તા.૨/૧૨/૨૦૦૩

વંચાણે લીધા : (૧) ગૃહ વિભાગનો તા.૨૭/૪/૮૭નો ઠરાવ ક્રમાંક: જલમ/૭૫૮૬/૩૯૭૫/જ

**પ્રસ્તાવના**

જેલ ખાતાના અધિકારીઓ અને કર્મચારીઓના ખાનગી અહેવાલો લખવા તથા સમીક્ષા કરવા અંગે વિભાગનાં આમુખમાં દર્શાવેલ તારીખ : ૨૭/૪/૮૭ના ઠરાવથી સૂચનાઓ બહાર પાડી છે. તેમાં સંબંધિત અધિકારી/કર્મચારીના ખાનગી અહેવાલ લખવા તથા સમીક્ષા કરવા માટે જ સક્ષમ સત્તા નક્કી કરવામાં આવી છે. પરંતુ સ્વીકૃતિ રીમાર્કસ આપનાર સક્ષમ સત્તાધિકારી દર્શાવતી સત્તા નક્કી કરવામાં આવી નથી,જેના પરિણામે જેલોના ઈન્સ્પેક્ટર જનરલશ્રી, ગુજરાત રાજ્યની કચેરીના મહેકમમાં મુકવામાં આવતા આઈ.પી.એસ. સંવર્ગના અધિકારીના ખાનગી અહેવાલમાં સમીક્ષા બાદના તબક્કે સ્વીકૃતિ અધિકારી ( Accepting Authority) તરીકે જે તે અધિકારીના ખાનગી અહેવાલમાં સ્વીકૃતિ રીમાર્કસ આપ્યા વિના જ No Accepting Remarks મુજબનું પ્રમાણપત્ર ઈસ્યુ કરી ખાનગી અહેવાલ ભારત સરકારને મોકલવામાં આવે છે. આવા અધિકારીઓના ખાનગી અહેવાલો લખવા/સમીક્ષા કરવા તેમજ સ્વીકૃતિ અંગે એકરુપતા રહે અને સેવા વિષયક પ્રશ્નો ઊભા ન થાય તે હેતુથી આમુખ(૧) સામેના ઠરાવમાં જેલ ખાતાના એવી કેડર કે જેના ભરતી નિયમો મુજબ આઈ.પી.એસ. અધિકારી મુકવામાં આવે છે તે અધિકારીઓના સ્વીકૃતિ અધિકારી ( Accepting Authority) નક્કી કરવાની બાબત વિચારણા હેઠળ હતી.

આ બાબતે કાળજીપૂર્વકની વિચારણાને અંતે, આમુખ સામેના ઠરાવના Annexure A નાં ક્રમ(૧), (૨) અને Annexure B નાં ક્રમ(૧) માં નીચે મુજબ સુધારો બહાર પાડવામાં આવે છે:—

**સુધારો**

**Annexure A**

**જેલોના ઈન્સ્પેક્ટર જનરલશ્રીની કચેરી**

| ક્રમ નં. | જગ્યાનું નામ | અહેવાલ લખનાર અધિકારી | અહેવાલની સમીક્ષા કરનાર અધિકારી | અહેવાલ સ્વિકૃત કરનાર સત્તાધિકારી |
|---|---|---|---|---|
| ૧ | જેલોના ઈન્સ્પેક્ટર જનરલ | સચિવશ્રી/અગ્ર સચિવશ્રી/અધિક મુખ્ય સચિવશ્રી, ગૃહ વિભાગ(જેલ) | મુખ્ય સચિવશ્રી | માન.ગૃહ મંત્રીશ્રી/જેલ મંત્રીશ્રી/માન.મુખ્યમંત્રીશ્રી |
| ૨ | જેલોના નાયબ ઈન્સ્પેક્ટર જનરલ/ખાસ ઈન્સ્પેક્ટર જનરલ (હેડકવાર્ટર) | જેલોના ઈન્સ્પેક્ટર જનરલશ્રી | સચિવશ્રી/અગ્ર સચિવશ્રી/અધિક મુખ્ય સચિવશ્રી, ગૃહ વિભાગ (જેલ) | મુખ્ય સચિવશ્રી |

**Annexure B**

**મધ્યસ્થ જેલની કચેરી**

| ક્રમ નં. | જગ્યાનું નામ | અહેવાલ લખનાર અધિકારી | અહેવાલની સમીક્ષા કરનાર અધિકારી | અહેવાલ સ્વીકૃત કરનાર સત્તાધિકારી |
|---|---|---|---|---|
| ૧ | અધિક્ષક, મધ્યસ્થ જેલ | જેલોના ઈન્સ્પેક્ટર જનરલશ્રી | સચિવશ્રી/અગ્ર સચિવશ્રી/અધિક મુખ્ય સચિવશ્રી, ગૃહ વિભાગ(જેલ) | મુખ્ય સચિવશ્રી |

ઉપર મુજબ સ્વીકૃત્તિ અધિકારી જે કેડરમાં આઈપીએસ અધિકારી ફરજ બજાવતા હશે તેમનાં ખાનગી અહેવાલનાં કિસ્સામાં જ સ્વીકૃતિ રીમાર્કસ આપશે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે.

4 DEC 2003

(દિલીપસિંહ ડી.ચૌહાણ)
ઉપ સચિવ
ગૃહ વિભાગ.

પ્રતિ,
સચિવશ્રી, ગુજરાત જાહેર સેવા આયોગ (પત્ર દ્વારા), બહુમાળી મકાન, લાલ દરવાજા, અમદાવાદ
જેલોના ઈન્સ્પેકટર જનરલશ્રી, ગુજરાત રાજ્ય, અમદાવાદ
આચાર્યશ્રી, જેલ સ્ટાફ તાલીમ શાળા, અમદાવાદ.
અધિક્ષકશ્રી, અમદાવાદ મધ્યસ્થ જેલ/ વડોદરા મધ્યસ્થ જેલ/ પોરબંદર ખાસ જેલ,
સામાન્ય વહીવટ વિભાગ, ક–શાખા, સચિવાલય.ગાંધીનગર,
ગૃહ વિભાગ, ક–શાખા, સી.આર.સેલ, [illegible]
સિલેકટ ફાઈલ,
નાયબ સેકશન અધિકારી સિલેકટ ફાઈલ.

issued by Shri Vitthal.